# જિણંદ-ચંદ-વાણી (D - 87)

જિણંદ-ચંદ-વાણી, અનુપમ અમી સમી છે;
ગુણરત્ન કેરી ખાણી, બુધમાનસે રમી છે....જિણંદ૦ ૧.

ગુરુ કહાન કેરી વાણી, અનુપમ અમી સમી છે;
ગુણરત્નની એ ખાણી, બુધમાનસે રમી છે.

મીઠાશ જેની જાણી, ગર્વો બધા ગળે છે;
જસ પાન કાને કરતાં, ભવવ્યાધિઓ ટળે છે...જિણંદ૦ ૨.

પશુઓ જે ચાવે તરણાં, સાકર શરણ ધરે છે;
શરમાઈ મીઠી દ્રાક્ષો, વનવાસને કરે છે...જિણંદ૦ ૩.

પીલુમાં પીલાઈ ઈક્ષુ, અભિમાનને તજે છે;
અભિનંદનીય તે છે, અભિવંદનીય જે છે...જિણંદ૦ ૪.

કૃપાળુ ગુરુચરણે, શરણે રહી ભણે છે;
જિનવાણી-નાવ સંગે ભવતીર દાસ લે છે;
ગુરુવાણી-નાવ સંગે ભવતીર દાસ લે છે...જિણંદ૦ ૫.